# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભામાં ૨૩ કામોની કરોડોની ફાઈલો ચર્ચા વગર જ મંજૂર થઇ

# પેટલાદ નગરપાલિકામાં સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે 'મિનીટ મિલન'

**ત્રણ મહિને** મળતી સામાન્ય સભા પ્રજાના પ્રશ્નોની ચર્ચા વગર અર્થહીન બની



તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૬

પેટલાદ પાલિકાની સામાન્ય સભામાં સત્તાપક્ષ અને વિપક્ષનું જાણે કે ગઠબંધન હોય તેમ એજન્ડાની કાર્ય સૂચી મુજબના તમામ કામો માત્ર એક મિનીટમાં સર્વાનુમતે મંજુર થયા હતા. આમ, દર ત્રણ મહિને મળતી સામાન્ય સભા અર્થહીન બનતી જાય છે ! આવી જ રીતે ગણતરીની મિનીટોમાં સામાન્ય સભા આટોપાઈ જવાનો જાણે કે રિવાજ બની ગયો હોય તેવી વાત ટોક ઓફ ધ ટાઉન બની છે.

પેટલાદ નગરપાલિકામાં સામાન્ય સભામાં ચુંટાયેલા નગર સેવકો, અધિકારીઓ, કર્મચારીઓ સહિત શહેરના કોઈપણ નાગરીકો ઉપસ્થિત રહી શકે છે. આવી સામાન્ય સભામાં દર ત્રણ મહિને મુખ્યત્વે હિસાબો અને વિકાસલક્ષી કામો લેવાતા હોય છે. પરંતુ છેલ્લા પાંચેક વર્ષથી પેટલાદ પાલિકામાં સામાન્ય સભાઓ ગણતરીની મિનીટોમાં કોઈપણ ચર્ચા સિવાય આટોપાઈ જતી હોવાનું જાણવા મળે છે.

આ સીલસીલો ૧૪મી ઓગસ્ટના રોજ સાંજે ચાર કલાકે મળેલી સામાન્ય સભામાં પણ જોવા મળ્યો હતો. જેમાં એજન્ડાની કાર્ય સુચી મુજબ ૨૩ કામો રજુ કરવામાં આવનાર હતા. જેમાં ત્રિમાસિક અને વાર્ષિક હિસાબો, સરકારના વિવિધ વિભાગોમાંથી આવેલ ઠરાવના પત્રો, જુદી જુદી ગ્રાન્ટોના હાથ ઉપર લેવાનાર કામો, જન ભાગીદારીના કામો વગેરે જેવા કરોડો રૂપિયાના કામો રજુ થયા હતા. પરંતુ સામાન્ય સભા શરૂ થતાં જ ગત સભાનું પ્રોસિડીંગ વંચાણે લીધા સિવાય સત્તાપક્ષ તરફથી વિપક્ષને મૌખિક પૃચ્છા કરવામાં આવી કે કોઈ સુધારા છે કે કેમ ? જો કે એકપણ કામમાં કોઈ જ સુધારા નહીં હોવાનો પ્રત્યુત્તર વિપક્ષ દ્વારા પણ મળતા ભારે આશ્ચર્ય ફેલાયું હતું. આ સમયે સભાખંડમાં સત્તાપક્ષ અને વિપક્ષનું કોઈ ગઠબંધન હોય તેવું વાતાવરણ સર્જાયું હતું. જેથી આ સભામાં તમામ ૨૩ કામો સર્વાનુમતે મંજુર થયા હતા, જે સરાહનીય છે. પરંતુ આ કામો વંચાણે લઈ ચર્ચા કરવાનું પણ કોઈ નગર સેવકોએ મુનાસીબ માન્યું નહીં. દર ત્રણ મહિને એક વખત યોજાતી સામાન્ય સભાઓમાં શહેરની પ્રાથમિક સુવિધાઓ સહિત વિકાસ લક્ષી કામો માટે કોઈ જ ચર્ચા વિચારણા નહીં થતાં આવી બેઠકો અર્થહીન બની ગઈ હોવાની વાત નગરજનોમાં ટોક ઓફ ધ ટાઉન બનવા પામી છે.

# આણંદ-ખેડા જિ.ના ૧૯ ઉચ્ચ અધિકારીની સાગમટે બદલી

**ડેપ્યુટી** કલેક્ટર, પ્રાંત અધિકારી અને ડેપ્યુટી ડીડીઓ કક્ષાના વહીવટી માળખામાં ધરખમ ફેરફાર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૬

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા રાજ્યભરમાં વહીવટી સરળતાને ધ્યાનમાં રાખીને 144 જેટલા જુનિયર સ્કેલના અધિકારીઓની બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ ફેરબદલમાં મધ્ય ગુજરાતના આણંદ અને ખેડા જિલ્લાના 19 જેટલા ડેપ્યુટી કલેક્ટર અને પ્રાંત અધિકારી કક્ષાના અધિકારીઓનો સમાવેશ થાય છે, જેમને આંતરિક અથવા અન્ય જિલ્લાઓમાં નવી જવાબદારી સોંપાઈ છે.

આણંદના ડેપ્યુટી ડીડીઓ કે.એન. કાચાને લીંબડી (સુરેન્દ્રનગર) ખાતે પ્રાંત અધિકારી તરીકે અને રુબીસિંહ રાજપૂતને અમદાવાદ સ્પીપામાં ડેપ્યુટી ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે એમ.એસ. મનાત અને ક્રિષ્ના ઉપાધ્યાય આણંદના નવા ડેપ્યુટી ડીડીઓ તરીકે કાર્યભાર સંભાળશે. આ ઉપરાંત, કે.એ. રબારીને પેટલાદના પ્રાંત અધિકારી અને અક્ષય પારગીને આણંદમાં સ્ટેમ્પ ડ્યુટીના ડેપ્યુટી કલેક્ટર તરીકે નિમણૂક અપાઈ છે.

ખેડા જિલ્લાના વહીવટી તંત્રમાં પણ મોટા ફેરફાર જોવા મળ્યા છે. ખેડાના પ્રાંત અધિકારી સૂરજ બારોટની કલોલ બદલી થતા, તેમની જગ્યાએ એન.ડી. પટેલ ખેડાના નવા પ્રાંત અધિકારી બનશે. નડિયાદના પ્રાંત અધિકારી તરીકે કચ્છના જિલ્લા પુરવઠા અધિકારી સી.આર. નિમાવતની વરણી કરવામાં આવી છે.

નડિયાદ મહાનગરપાલિકામાં પણ ઉચ્ચ સ્તરે બદલી કરવામાં આવી છે. વિમલકુમાર ગઢવી નડિયાદના નવા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવશે. તેમની સામે આનંદ ઉકાણીને ગાંધીનગર ખાતે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના નાયબ સચિવ તરીકે બદલી આપવામાં આવી છે. તાત્કાલિક અસરથી અમલમાં આવેલા આ આદેશોને પગલે આગામી દિવસોમાં તમામ અધિકારીઓ પોતાનો નવો કાર્યભાર સંભાળી લેશે. આ બદલી પાછળ વિધાનસભાની ચૂટણીનું પણ ગણિત મંડાયાની ચર્ચા જાગી છે.

# ટ્રેનમાંથી ૧૧.૭૧ લાખના દાગીના અને રોકડ ચોરાયાં

**દ્વારકા** દર્શને જતા મુંબઈના પરિવારની નજર ચુકવી તસ્કરો ત્રાટક્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૬

મુંબઈના મુલુંડ વિસ્તારમાં રહેતા અને ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી પરિવાર સાથે દ્વારકા દર્શન માટે સૌરાષ્ટ્ર મેલ એક્સપ્રેસમાં જઈ રહ્યા હતા ત્યારે સુરત અને નડિયાદ સ્ટેશન વચ્ચે તેમના માથા નીચેથી સોનાના દાગીના અને રોકડ ભરેલી બેગની ચોરી થઈ છે. આ અંગે નડિયાદ રેલવે પોલીસે ૧૧.૭૧ લાખથી વધુની મતાની ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મુલુંડ (પશ્ચિમ)માં રહેતા અનિલ હીરાલાલ ભદ્રા ભાનુશાલી ગત ૧૨મી ઓગસ્ટના રોજ પરિવાર સાથે ટ્રેન નંબર ૨૨૯૪૫ (સૌરાષ્ટ્ર મેલ) ના એ-૨ કોચમાં સીટ નંબર ૭ પર મુસાફરી કરી રહ્યા હતા. રાત્રિના સમયે તેઓ પોતાની બ્લુ કલરની બેગ માથા નીચે રાખીને સુઈ ગયા હતા. વહેલી સવારે અંદાજે ૩:૫૦ વાગ્યે ટ્રેન જ્યારે નડિયાદ સ્ટેશન નજીક પહોંચી ત્યારે તેમની આંખ ખુલતા માથા નીચેથી બેગ ગાયબ હોવાનું જણાયું હતું.

આ બેગમાંથી તસ્કરો ૪ તોલાની સોનાની ચેઈન, ૩ તોલાની અન્ય બે સોનાની ચેઈન, ૧.૪ તોલાની નવગ્રહની વીંટી, ૧ તોલાની ડાયમંડ જડેલી સોનાની વીંટી, અન્ય એક ડાયમંડની વીંટી અને ૯૧,૦૦૦ રૂપિયા રોકડા સેરવી ગયા હતા. જોકે, ટ્રેન અમદાવાદ સ્ટેશને પહોંચતા બાથરૂમમાંથી આ બ્લુ બેગ બિનવારસી અને ખાલી હાલતમાં મળી આવી હતી. નડિયાદ રેલવે પોલીસે ગુનો દાખલ કર્યો છે.

પોલીસ - પાલિકાના સહયોગથી કેબિનધારકો હવે બન્યા દુકાનદાર

# પેટલાદમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વે ૩૬ પરિવારોને મળી પાકી દુકાનોની ભેટ

**રાજ્ય મંત્રી** કમલેશભાઈ પટેલના પ્રયત્નોથી જૂના ભાડા પર જ નવી દુકાનો ફાળવાઈ



(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૬

પેટલાદ શહેરમાં સ્ટેશન રોડ સ્થિત નાયબ પોલીસ અધિક્ષક કચેરી બહાર પાલિકાની જગ્યા ઉપર ૩૬ લાકડાના કેબીનો હતા. જે દબાણો નડતર રૂપ હોવાથી પાલિકાએ દૂર કર્યા હતા. પરંતુ આ દબાણો દૂર થતાં પોલીસ આવાસ નિગમની જગ્યા કેબીન ધારકોને વિનામૂલ્યે ફાળવવામાં આવી હતી. જેની ઉપર ૩૬ દુકાનદારોએ સ્વૈચ્છિક ખર્ચે બાંધકામ કરાવ્યું હતું. આ દુકાનો પાલિકા જેટલા જ યથાવત ભાડાથી પાકી દુકાનો પોલીસ અને પાલિકાએ લાભાર્થીઓને ૮૦મા સ્વાતંત્ર્ય દિને સુપ્રત કરી હતી.

દેશની આઝાદીના સમયે પડેલા ભાગલાના પગલે કેટલાય સિંધી અને પંજાબી પરિવારો પેટલાદ ખાતે આવી પહોંચ્યા હતા. જેનો સૌથી મોટો પ્રશ્ન રોજગારીનો હતો. જેથી વર્ષ ૧૯૫૧થી ૧૯૫૬ દરમ્યાન તબક્કાવાર ૨૯ પરિવારોને પેટલાદ નગરપાલિકાએ કાચા કેબીનો મૂકી વેપાર કરવા હાલની ડીવાયએસપી કચેરી બહાર જગ્યા ફાળવી હતી. સમય જતાં આ લાકડાના કેબીનો વધીને ૩૬ થઈ ગયા હતા. ધીમેધીમે નગરનો વિકાસ તથા ટ્રાફીક સમસ્યા વધતા કેબીનો નડતરરૂપ બનવા લાગ્યા હતા. જેથી કેબીનો ધારકોએ કાચા કેબીનોની જગ્યાએ પાકી દુકાનો માટે પાલિકા તથા પોલીસ વિભાગ સમક્ષ વર્ષ ૨૦૧૦માં માંગણી કરી હતી. પરંતુ તે સમયના તત્કાલિન પ્રમુખ કે અધિકારીઓ માન્યા ન્હોતા. કારણકે વર્ષ ૧૯૫૧ થી ૧૯૫૬ દરમ્યાન જે નિરાશ્રિતોને રોજગારી આપવાના આશયથી જગ્યા આપી હતી તે પૈકીના લગભગ તમામ કેબીનો વેચી ચુક્યા હતા. પરંતુ સમય જતાં વર્ષ ૨૦૨૨માં ધારાસભ્ય કમલેશભાઈ પટેલને આ રજુઆત કરી હતી. તેઓએ ઘટતું કરવા હૈયાધારણા આપી હતી. તેમાંય ગત વર્ષે ધારાસભ્ય કમલેશભાઈ પટેલ રાજ્ય મંત્રી બનતા આ કામ કરવું સરળ બન્યું હતુ. જેથી તેઓએ ગૃહ વિભાગના પોલીસ આવાસ નિગમ પાસેથી આ ૩૬ લાબાર્થીઓ માટે પાકી દુકાનોની જગ્યા ફાળવણી કરાવી હતી. જેની ઉપર લાભાર્થીઓએ સ્વૈચ્છિક ખર્ચે દુકાનો બનાવડાવી હતી. પરંતુ હવે આ લાભાર્થીઓ પાલિકાના બદલે પોલીસ આવાસ નિગમના ભાડુઆત બનતા તેઓને તા.૧૫ ઓગસ્ટને સ્વતંત્રતા દિવસે પોલીસ અને પાલિકાએ દુકાનો સુપ્રત કરી હતી. જેમાં ડીવાયએસપી એચ બી વાઘેલા, પાલિકાના ઉપપ્રમુખ મનિષ શાહ, કારોબારી ચેરમેન જય પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### લાભાર્થીઓને બેવડો લાભ

કેબિન ધારકો અને દબાણ કર્તાઓમાંથી હવે આ ૩૬ વેપારીઓ પાકી દુકાનોના લાભાર્થીઓ બની ગયા છે. જે સ્ટેશન રોડ ઉપર દુકાનોના ભાવ લાખો રૂપિયા ચાલી રહ્યા છે તેવા સતત ધમધમતા આ મુખ્ય રાજમાર્ગ ઉપર કહેવાતા નિરાશ્રિતોને પોલીસ આવાસ નિગમની જગ્યા વિનામૂલ્યે મળી છે. ઉપરાંત જે ભાડું પાલિકાનું વર્ષોથી ચાલતું આવ્યું હતું તે જ ભાડાથી પોલીસ આવાસ નિગમે જગ્યા આપી હોવાનું જાણવા મળે છે. આમ આ નિરાશ્રિત લાભાર્થીઓને ૭૦વર્ષે પણ બેવડો લાભ મળ્યો છે. ઉલ્લેખનીય છે કે આ જ રોડ ઉપર પાલિકાના મહાત્મા ગાંધી શોપિંગ સેન્ટરમાં સ્થાનિક વેપારીઓ ભાડુઆત છે. જેઓની દુકાનોના ભાડામાં જંગી વધારાનો વિવાદીત મામલો ચર્ચાસ્પદ બન્યો હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે.

### સ્વતંત્રતા દિવસની અનોખી ઉજવણી



'પેટલાદ પાલિકા સ્ટેશન રોગને આઈકોનીક રોડ બનાવવા જઈ રહી છે. જેથી રસ્તો પહોળો કરવાના આશયથી આ કેબીનો દૂર કરી પોલીસ વિભાગની જગ્યાએ પાકી દુકાનો બનાવવા જગ્યા ફાળવી હતી. આ કામ રાજ્ય મંત્રી અને ધારાસભ્ય કમલેશભાઈ પટેલના અથાગ પ્રયત્નોથી સફળ થયું છે. આ નવનિર્મિત ૩૬ દુકાનો આજે સ્વતંત્રતા દિવસના રાષ્ટ્રીય તહેવારે લાભાર્થીઓને સુપ્રત કરવાનો શુભ અવસર યોજાયો હતો.' - **એચ.બી. વાઘેલા, નાયબ પોલીસ અધિક્ષક, પેટલાદ.**

સામરખાના ગામના યુવકનો ફોટો એડિટ કર્યો

# ફોટામાં દારૂની બોટલ એડિટ કરી ૫ લાખની ખંડણી માંગી

**સોશ્યલ** મિડિયા પર ફેક આઈડી બનાવી ફોટા વાયરલ કરવાની ધમકી આપી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૬

આણંદ પંથકમાં સોશિયલ મીડિયાના માધ્યમથી યુવાનોને બદનામ કરી નાણાં પડાવવાનો વધુ એક સાયબર ક્રાઈમનો કિસ્સો સામે આવ્યો છે. સામરખા તાબે વાઘપુરા વિસ્તારમાં રહેતા અને ખેતીકામ કરતા 31 વર્ષીય ભાવિનસિંહ પરમાર અને તેમના મિત્ર રોનક પરમારના અસલ ફોટા મેળવી, કોઈ અજાણ્યા શખ્સે 'Priya^Parekh^1999' નામના ઈન્સ્ટાગ્રામ ફેક એકાઉન્ટ પરથી તેમાં છેડછાડ કરી હતી. આરોપીએ ટેકનોલોજીનો દુરુપયોગ કરી આ બંને યુવકોના હાથમાં અંગ્રેજી દારૂની બોટલો હોય તે રીતે ફોટા એડિટ કર્યા હતા.

આ બનાવની વિગત મુજબ, ગત 13મી ઓગસ્ટના રોજ આરોપીએ આ એડિટેડ ફોટા ભાવિનસિંહના મોબાઈલ પર તથા તેમના પિતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર મોકલી આપ્યા હતા. આરોપીએ ધમકી આપી હતી કે જો રૂ.પાંચ લાખ રૂપિયા આપવામાં નહીં આવે તો આ ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરી દેવામાં આવશે અને તેમને સમાજમાં બદનામ કરવામાં આવશે. આ ગંભીર મામલે ભાવિનસિંહ પરમારે આણંદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બોરસદ કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્કની ચૂંટણીમાં ભાજપનો ઐતિહાસિક વિજય

**૭૫ વર્ષ** બાદ કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી, કાર્યકરોએ ઉજવ્યો ભવ્ય વિજયોત્સવ




(પ્રતિનિધિ) બોરસદ તા.૧૬

બોરસદ કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્કની ચૂંટણીમાં ભાજપે ઐતિહાસિક જીત મેળવી સહકારી રાજકારણમાં મોટો ઉલટફેર થયો છે. આશરે ૭૫ વર્ષ બાદ કોંગ્રેસના હાથમાંથી બેન્કની સત્તા સરકી ગઈ છે. પરિણામ જાહેર થતાં જ ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં બેન્ક પરિસરમાં એકત્રિત થયા હતા અને ફટાકડા ફોડી તેમજ મીઠાઈ વહેંચી વિજયોત્સવ મનાવ્યો હતો.

આણંદ જિલ્લા પ્રતિનિધિ બેઠકમાં ભાજપના ઉમેદવાર દેવીસિંહ ડાભીને ૧૪૪ મત મળતા તેઓ વિજેતા જાહેર થયા હતા. કોંગ્રેસના ઉમેદવાર નટવરસિંહ મહિડાને ૧૦૦ મત મળ્યા હતા. ભાજપે આ બેઠક પર નોંધપાત્ર લીડ મેળવી કોંગ્રેસના ઉમેદવારને પરાજય આપ્યો હતો.

જ્યારે તાલુકા શાખાની ચૂંટણીમાં પણ ભાજપનો દબદબો રહ્યો હતો. ભાજપ સમર્થિત ત્રણેય ઉમેદવારો વિજયી બન્યા હતા. ભાઈલાલ પઢિયારને ૧૪૯ મત, બાબુભાઈ ઠાકોરને ૧૫૨ મત અને તુષારભાઈ પટેલને ૧૪૯ મત મળતા સમગ્ર પેનલ વિજેતા બની હતી. સામાપક્ષે કોંગ્રેસના ઉમેદવારોમાં પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમારને ૧૦૧ મત, રમેશભાઈ ઠાકોરને ૯૪ મત અને વિક્રમસિંહ ગોહિલને ૮૬ મત મળ્યા હતા.

બોરસદ કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્ક પર લાંબા સમયથી કોંગ્રેસનો પ્રભાવ માનવામાં આવતો હતો. આ પરિણામને બોરસદ તાલુકાના સહકારી રાજકારણમાં મોટા પરિવર્તન તરીકે જોવામાં આવી રહ્યું છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે આ વિજયથી ભાજપને ગ્રામ્ય અને સહકારી ક્ષેત્રમાં વધુ મજબૂત આધાર મળ્યો છે અને આગામી સમયમાં તેની રાજકીય અસર જોવા મળી શકે છે.

# તારાપુરમાં વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપાઈ

**મહીયારીની** સીમમાં ગાડી મૂકી ચાલક અંધારામાં ફરાર થયો

(પ્રતિનિધિ) તારાપુર તા.૧૬

તારાપુર પોલીસે વટામણ-તારાપુર હાઈવે પર બાતમીના આધારે વોચ ગોઠવી વિદેશી દારૂ ભરેલી એક શંકાસ્પદ ઈનોવા કારનો ફિલ્મી ઢબે પીછો કરી તેને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. જોકે કારચાલક પોલીસને થાપ આપી અંધારામાં નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

તારાપુર પોલીસને બાતમી મળી હતી કે બોરસદ તરફથી એક ગ્રે કલરની ઈનોવા કાર (નંબરઃ GJ 03 DG 1188) માં વિદેશી દારૂનો જથ્થો ભરીને બગોદરા તરફ લઈ જવાઈ રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તારાપુર ચોકડી પાસે વોચ ગોઠવી હતી. પોલીસને જોઈ કારચાલકે ગાડી ઊભી રાખવાને બદલે વટામણ ટોલ પ્લાઝા તરફ ભગાવી હતી, પરંતુ ત્યાં આડશ હોવાથી તેને કાર પરત તારાપુર તરફ વાળી દીધી હતી.

પોલીસે સતત પીછો ચાલુ રાખતા મહીયારી ગામની સીમમાં આશીષ હોટેલ નજીક ચાલક કારને લૉક કરી અંધારાનો લાભ લઈ સીમ વિસ્તારમાં ભાગી ગયો હતો. પોલીસે કારનો કાચ તોડી તપાસ કરતા તેમાંથી 6,04,800ની કિંમતની વિદેશી દારૂની 3360 નંગ ક્વાર્ટર બોટલો મળી આવી હતી.

આ કારની તલાશી દરમિયાન પોલીસને અંદરથી જૈન વરૂણ મુકેશ (રહે. નવસારી) ના નામનું પાનકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ અને 6 એટીએમ કાર્ડ મળી આવ્યા છે. તારાપુર પોલીસે આ મામલે ગુનો નોધ્યો હતો.

# આણંદ-કરમસદ મનપા દ્વારા રૂ.૫૦૦ કરોડના પ્રકલ્પોથી વિકાસ સંકલ્પ કરાયો

**મેયર દિપિકાબેન** પટેલે તિરંગો લહેરાવી સફાઈ સેવકોને 'આધુનિક રાષ્ટ્રસેવક' ગણાવ્યા





(પ્રતિનિધિ) આણંદ તા.૧૬

દેશના ૮૦મા સ્વાતંત્ર પર્વની ગૌરવપૂર્ણ ઉજવણી પ્રસંગે કરમસદ-આણંદ મહાનગરપાલિકા ખાતે મેયર દિપિકાબેન પટેલ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલની આ પવિત્ર કર્મભૂમિ પરથી મેયરે નગરજનોને આઝાદીના પર્વની શુભેચ્છા પાઠવતા શહેરને સ્વચ્છ, હરિયાળું અને પ્રગતિશીલ બનાવવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે તેમણે સફાઈ સેવકોને 'આધુનિક યુગના રાષ્ટ્રસેવકો' તરીકે બિરદાવ્યા હતા.

માત્ર ઉત્સવ નહીં પણ વિકાસના લક્ષ્યાંક સાથે મેયર દિપિકાબહેન પટેલે નગરજનોના જીવનધોરણને સુધારવા માટે મનપા દ્વારા હાથ ધરાયેલા કરોડો રૂપિયાના પ્રોજેક્ટ્સની યાદી રજૂ કરી હતી. આણંદ-કરમસદ હવે આધુનિક માળખાગત સુવિધાઓ સાથે સજ્જ થવા જઈ રહ્યું છે, જેમાં રૂ. ૨૦૩ કરોડના ગટર પ્રોજેક્ટ્સ અને રૂ. ૧૭૭ કરોડની 'નલ સે જલ' યોજના હેઠળ મહીસાગર નદીમાંથી પીવાનું પાણી લાવવા જેવા પાયાના કામોનો સમાવેશ થાય છે. મેયરે નાગરિકોને અપીલ કરી હતી કે, જાહેર મિલકતોનું જતન, પાણીનો બચાવ અને સ્વચ્છતા જાળવવી એ જ સાચી રાષ્ટ્રભક્તિ છે. આ કાર્યક્રમમાં મનપા કમિશનર આર.એન. ડોડીયા, નાયબ મેયર કમલેશભાઈ ડાભી, અને અન્ય પદાધિકારી સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### શહેરના આધુનિકીકરણ માટેના મુખ્ય પ્રકલ્પો

**રૂ. ૫૦ કરોડ:** સરદાર પટેલ ઇન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર.
**રૂ. ૪૦ કરોડ:** APC સર્કલ પર નવો ફ્લાય ઓવર બ્રિજ.
**રૂ. ૧૫ કરોડ:** સરદાર પટેલ રાજમાર્ગ પર આઇકોનિક રોડનું નિર્માણ.
**અન્ય સુવિધાઓ:** નવીન PHC સેન્ટર અને આધુનિક અંગ્રેજી માધ્યમની શાળા.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225